# BUSINESS મિત્ર

### સેન્સેક્સમાં સતત ત્રીજા દિવસે કડાકો: રોકાણકારોના રૂ. 4 લાખ કરોડ સાફ થઇ ગયા

# ક્રૂડના ભડાકાથી શેરબજાર રક્તરંજિત

**ક્રુડ ઓઇલના** ભાવ 111 ડોલરની ઉપર, બોન્ડ યીલ્ડ ઉછળતા શેરોમાં દબાણ વધ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 22: મીડલ ઈસ્ટમાં વધી રહેલા તણાવ અને અમેરિકા-ઈઝરાયલ દ્વારા ગમે તે ઘડીએ હુમલા થઈ શકે તેવી દહેશત વચ્ચે ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થતો જોવા મળી રહ્યો હોવાની અસર ભારતીય શેરબજારમાં જોવા મળી છે. આજે સતત ત્રીજા દિવસે શેરબજાર લાલ નિશાનમાં જોવા મળ્યું હતું. જેના લીધે રોકાણકારોના ચાર લાખ કરોડ રૂપિયા સાફ થઈ ગયા હતા.

આ ઉપરાંત, 10 વર્ષના બોન્ડ યીલ્ડમાં પણ વધારો થયો હતો, એકબાજું ક્રુડના ભાવ 111 ડોલરની ઉપર નીકળી ગયા અને બોન્ડ યીલ્ડ પણ વધી જતા તેની શેરબજાર ઉપર અસર વર્તાતી હતી.

આજે સેન્સેક્સ વીકલી એકસપાયરીના પગલે શેરબજારમાં તોફાની વધઘટ જોવા મળી હતી. આજે સેશન દરમ્યાન સેન્સેક્સ-નિફ્ટી ત્રણ વખત બોટમ બનાવ્યા બાદ ફરીથી રીકવર થતો જોવા મળ્યો હતો. છેલ્લે વેચવાલીના દબાણે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. લાર્જકેપ શેરોની સાથે સાથે બ્રોડર માર્કેટમાં વેચવાલી હાવી રહી હતી. જે બજારના નબળા સેન્ટિમેન્ટની ચાડી ખાઈ રહ્યું છે.

સેકટર વાઈઝ જોઈએ તો શરૂઆતથી જ તમામ સેકટરો લાલ નિશાનમાં રહ્યા હતા. જોકે, પીએસયુ બેન્ક અને ફાર્મા શેરોમાં રીકવરી રહેતા આ બંને સેકટરો પોઝિટિવ રહ્યા હતા. એફએમસીજી સેકટરમાં સૌથી વધુ ધોવાણ થયું હતું.

બીએસઈ સેન્સેક્સ 460.30 પોઈન્ટ એટલે કે 0.62 ટકા ઘટીને 73249.39 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73720 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73005 પોઈન્ટ સુધી ઘટ્યો હતો.

નિફ્ટી 123.70 પોઈન્ટ એટલે કે 0.54 ટકા ઘટીને 22687.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22785 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22554 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 51.20 પોઈન્ટ એટલે કે 0.09 ટકા ઘટીને 54925.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી.

વૈશ્વિક સ્તરે ડાઉ ફયુચર્સ 359 પોઈન્ટ નીચે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો ગેપડાઉન ખુલવાના સંકેત આપી રહ્યા છે. મીડલ ઈસ્ટના તણાવ, ક્રુડ ઓઈલના સતત વધી રહેલા ભાવો અને કોર્પોરેટ કમાણીના મુલ્યાંકનને ધ્યાનમાં રાખતા યુરોપિયન બજારો નરમ ખુલ્યા હતા. બીજી તરફ, એઆઈ રોકાણો પરના વળતર અંગેની ચિંતા ઉભી થઈ છે, તેની અસર એશિયન બજારો ઉપર જોવા મળી હતી અન તેઓ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.39 ટકા, કેક 1.26 ટકા અને ડેક્સ 0.92 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.65 ટકા, સ્ટ્રેઈટસ 0.42 ટકા, હેંગસેંગ 3.29 ટકા, તાઈવાન 1.84 ટકા, કોસ્પી 3.65 ટકા અને શાંઘાઈ 1.50 ટકા ઘટયા હતા. જ્યારે જકાર્તા 1.11 ટકા સુધર્યો હતો.

### બોન્ડ યીલ્ડ ઉછળતા રૂપિયો ઘટ્યો

કરન્સી બજારમાં આજે ડોલરમાં રીકવરી જોવા મળી હતી. 10 વર્ષનો બોન્ડ યીલ્ડ વધી જતાં આજે રૂપિયામાં નરમાઇ જોવા મળી હતી. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 35 પૈસા ઘટીને 94.82ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.47ના ભાવે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.53, પાઉન્ડ 126.42, કેનેડિયન ડોલર 67.72, ઓસ્ટ્રેલિયન ડોલર 66.37, જાપાનીઝ યેન 0.6048 અને સીંગાપોર ડોલર 74.07ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.82 રૂ. |
| યુરો | 106.53 રૂ. |
| પાઉન્ડ | 126.42 રૂ. |
| યેન | 0.6048 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -460.30 | 73249.29 |
| નિફ્ટી | -123.70 | 22687.65 |
| બેન્ક નિફ્ટી | -51.20 | 54925.70 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 1.74 | 942.10 |
| સીપલા | 1.29 | 1330.90 |
| ICICI બેન્ક | 0.97 | 1398.50 |
| એસબીઆઇ | 0.73 | 970.00 |
| બજાજ ઓટો | 0.82 | 10155.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| નેસલે ઇન્ડિયા | 2.78 | 1189.90 |
| HDFC લાઇફ | 2.09 | 528.35 |
| ટીએમપીવી | 2.07 | 270.00 |
| રિલાયન્સ | 2.03 | 1184.50 |
| ટેક મહિન્દ્રા | 0.31 | 1829.10 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 1.61 | 929.95 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.52 | 10975.00 |
| ICICI બેન્ક | 0.71 | 1394.80 |
| સન ફાર્મા | 0.51 | 1753.95 |
| એસબીઆઇ | 0.46 | 968.30 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 2.59 | 1176.00 |
| ઇટર્નલ | 2.20 | 304.90 |
| HDFC બેન્ક | 1.85 | 693.90 |
| પાવરગ્રીડ | 1.71 | 247.60 |
| ટ્રેન્ટ | 1.56 | 2774.90 |

# મીડલ ઈસ્ટમાં તણાવ, બોન્ડ માર્કેટમાં ભૂકંપ

**10 વર્ષના** સરકારી બોન્ડ યીલ્ડ ત્રણ વર્ષની ટોચે 7.44 ટકા પર પહોંચ્યું, વ્યાજ દર હજુય વધશે?

મુંબઈ, તા. 22: મીડલ ઈસ્ટમાં વધતા ભૌગોલિક રાજકીય તણાવ અને ક્રુડ ઓઈલના ભાવમાં અનિયંત્રિત વધારાને કારણે દેશની 10 વર્ષીય સરકારી બોન્ડ યીલ્ડ ત્રણ વર્ષની ઊંચી સપાટીએ 7.44 ટકા પર પહોંચી ગઈ છે. અગાઉનું સ્તર 10 માર્ચ, 2023ના રોજ જોવા મળ્યું હતું, જ્યારે છુટક ફુગાવો વધીને 5.66 ટકા થયો હતો. બોન્ડ માર્કેટમાં આ તેજી રાતોરાત આવી નથી, પરંતુ આ વર્ષની શરૂઆતથી તે સતત વધી રહી છે. આવનારા સમયમાં વધુ વ્યાજ દરમાં વધારો થવાની સંભાવના છે. માત્ર એક મહિનામાં બોન્ડ યીલ્ડમાં 40 બેસિસ પોઈન્ટનો વધારો થયો છે. 1 જાન્યુઆરી, 2026થી, યીલ્ડમાં કુલ 85 બેસિસ પોઈન્ટનો વધારો થયો છે. બોન્ડ માર્કેટની સાથે સાથે ફોરેન એક્સચેન્જ માર્કેટમાં પણ ઘણી એક્ટિવિટી જોવા મળી રહી છે.

જ્યાં રૂપિયા-ડોલર લગભગ 11 પૈસા નબળી પડીને 94.90 રૂપિયાના સ્તર પર પહોંચી ગઈ છે.આ સમગ્ર સંકટનું મૂળ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલની કિંમત છે. બ્રેન્ટ ક્રુડ વાયદો 110 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો છે. છેલ્લા એક દિવસમાં તેલના ભાવમાં 1.74 ટકાનો વધારો થયો છે. જો આપણે ગયા સપ્તાહના વલણ પર નજર કરીએ તો ક્રુડના ભાવ મે 2026માં જોવા મળેલા સ્તરે પાછા ફર્યા છે. જો કે આ વખતે 110 ડોલરની આ સફર થોડી વધુ ધીમી રહી છે, પરંતુ અર્થતંત્ર પર તેનું દબાણ ખૂબ જ ઊંડું છે.

# સોનું 3 મહિનાની નીચલી સપાટીએ ગગડ્યું

**ચાંદીમાં** 5900નું ગાબડું

**ચાંદી** તેના રેકોર્ડ સ્તરથી લગભગ 50 ટકા ગબડી

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): ક્રૂડ તેલની વધતી કિંમતોના કારણે બુલિયન માર્કેટ પર દબાણ જળવાઈ રહેતાં ગુરુવારે કિંમતી ધાતુઓની કિંમતોમાં ઘટાડો જારી રહ્યો હતો. જેમાં સોનું ઘટીને ત્રણ મહિનાની નીચલી સપાટીએ પહોંચી ગયું હતું અને ચાંદી આ વર્ષના પ્રારંભમાં તેના ઓલ-ટાઈમ હાઈ (રેકોર્ડ સ્તર)થી લગભગ 50 ટકા જેટલી તૂટી ગઈ હતી.



ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, દેશની રાજધાનીમાં 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું બુધવારના બંધ ભાવ રૂ. 1.49 લાખ પ્રતિ 10 ગ્રામથી રૂ. 1,000 ઘટીને રૂ. 1.48 લાખ પ્રતિ 10 ગ્રામ પર આવી ગયું હતું. સોનું છેલ્લે 30 જુલાઈની આસપાસ આ સ્તર પર ટ્રેડ થઈ રહ્યું હતું. વેચવાલીના આ તબક્કામાં ચાંદીમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જે અગાઉના બંધ ભાવ રૂ. 2,13,400 પ્રતિ કિલોગ્રામથી રૂ. 5,900 ઘટીને તમામ કરવેરા સહિત રૂ. 2,07,500 પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી. ચાંદી છેલ્લે 18 ડિસેમ્બર, 2025ના રોજ આ સ્તરની આસપાસ જોવા મળી હતી.


## સુરત વન વિભાગ સુરત
### ટેન્ડરની જાહેર નિવિદા

TENDER NOTICE NUMBER: DCFSUR/TENDER/11/2026-27

આથી ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તથા તેને સમકક્ષ નોંધાયેલ ઇજારદારો/એજન્સીઓ પાસેથી નીચેના કોષ્ટકમાં જણાવેલ વિગત મુજબના ટેન્ડરની કામગીરીમાં રસ ધરાવતા ઇજારદારો/એજન્સીઓને બીડમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

| Tender No. | Name of Work | Estimate Amount | Tender EMD | Tender Fee | Class of registration |
|---|---|---|---|---|---|
| 1 | RETROFITTING WORK OF VAN BHAVAN OFFICE BUILDING AT ADAJAN IN SURAT. | 16630942.00 | 499000.00 | 3600.00 | "B" Class & above. |

ઉક્ત કામના ટેન્ડર દસ્તાવેજો તારીખ ૨૩/૧૦/૨૦૨૬ થી તારીખ ૧૨/૧૧/૨૦૨૬ દરમિયાન ૧૮.૦૦ કલાક સુધી tender.nprocure.com ની વેબસાઇટ ઉપર ઓનલાઈન ભરી શકાશે તથા સદરહુ ટેન્ડર દસ્તાવેજની કોપી નીચે જણાવેલ સરનામે દસ્તાવેજ સબમીશન તારીખ ૧૮/૧૧/૨૦૨૬ ના રોજ ઓફિસ સમય દરમ્યાન ટેન્ડરના ભૌતિક દસ્તાવેજો તથા ડી.ડી. સહીતની કોપીનું સીલ બંધ કવર અત્રે R.P.A.D./Speed Post થી મોકલવાના રહેશે અને કવર ઉપર ટેન્ડરની સંપુર્ણ વિગત, મોકલનારનું નામ અને સરનામું ખાસ લખવાનું રહેશે અને અધુરી કવરનોટ વાળા બીડરના કવરને ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

સરનામું:
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
સુરત વન વિભાગ, સુરત
'વન ભવન' ગ્રાઉન્ડ ફ્લોર,
ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ ડી-માર્ટની સામે,
અડાજણ,સુરત-૩૯૫૦૦૯.
ફોન નં.: ૦૨૬૧-૨૭૩૩૮૨૫
ક્રમાંક . માહિતી-સૂરત/૭૮૨/૨૦૨૬

-:S.D.:-
નાયબ વન સંરક્ષક
સુરત.


**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ,, | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ ,, | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ ,, | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |


### ઉત્તર ડાંગ વન વિભાગની જુદી જુદી રેંજોમાં વનગુનાકામે સંડોવાયેલ નીચે મુજબના વાહનો વારસી/બીનવારસી હાલતમાં મળી આવવા બાબત.

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અત્રેના વન વિભાગના નીચે મુજબની રેંજોમાં જુદી જુદી તારીખે વારસી/બીનવારસી હાલતમાં વનગુનાકામે સંડોવાયેલ વાહનો મળી આવેલ છે. જે અંગે ભારતીય વન અધિનિયમ મુજબ જવાબદાર કર્મચારીઓ દ્વારા વનગુનો જાહેર કરવામાં આવેલ છે. સદર વાહનોની માલીકી ધરાવતા વારસદારોએ જરૂરી આધાર પુરાવા સાથે નાયબ વન સંરક્ષકશ્રી ઉત્તર ડાંગ આહવાની કચેરી ખાતે જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૭માં સંપર્ક કરવાનો રહેશે. જો તેમ કરવામાં ચુકશે તો અત્રેથી એકપક્ષી નિર્ણય લઇ ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી વાહન સરકાર હસ્તક લઇ રાજ્યસાત (ખાલસા) કરવામાં આવશે. જેની જાણ થવા વિનંતી છે.

| અ.નં. | વાહનનો વિગત | રેંજ | રાઉન્ડ ગુના નંબર/તારીખ |
|---|---|---|---|
| 1 | મોટર સાયકલ નં. GJ 05 EF 6073 | પીપલાઇદેવી | ૫/૨૦૨૪-૨૫, ૧૯-૬-૨૦૨૪ |
| 2 | મોટર સાયકલ નં. GJ 26 AA 0308 | પીપલાઇદેવી | ૫/૨૦૨૪-૨૫, ૧૯-૬-૨૦૨૪ |
| 3 | મોટર સાયકલ નં. GJ 15 AM 2537 | પીપલાઇદેવી | ૮/૨૦૨૩-૨૪, ૧૬-૮-૨૦૨૩ |
| 4 | મોટર સાયકલ નં. GJ 26 Q 9373 | પીપલાઇદેવી | ૯/૨૦૨૩-૨૪, ૨૩-૯-૨૦૨૩ |
| 5 | ટ્રેક્ટરની ટ્રોલી નં. NO NUMBER | પીપલાઇદેવી | ૬/૨૦૨૩-૨૪, ૪-૧૦-૨૦૨૩ |
| 6 | મોટર સાયકલ નં. GJ 5 FP 436 | સુબીર | ૨/૨૦૨૧-૨૨, ૧૨-૮-૨૦૨૧ |
| 7 | મોટર સાયકલ નં. NO NUMBER | સુબીર | ૨/૨૦૨૧-૨૨, ૧૨-૮-૨૦૨૧ |
| 8 | મોટર સાયકલ નં. GJ 05 GF 9455 | સુબીર | ૬/૨૦૨૪-૨૫, ૩૦-૯-૨૦૨૪ |
| 9 | મોટર સાયકલ નં. GJ 21 AL 2109 | શિંગાણા | ૭/૨૦૨૪-૨૫, ૨૫-૨-૨૦૨૫ |
| 10 | મોટર સાયકલ નં. GJ 30 C 5128 | શિંગાણા | ૧૩/૨૦૧૯-૨૦, ૨૭-૧૦-૨૦૧૯ |
| 11 | મોટર સાયકલ નં. GJ 5 A 1871 | શિંગાણા | ૧૩/૨૦૧૯-૨૦, ૨૭-૧૦-૨૦૧૯ |
| 12 | મહીન્દ્રા મેક્ષ જીપ નં. GJ 19 M 0116 | બરડીપાડા | ૪/૨૦૨૫-૨૬, ૦૫-૧૧-૨૦૨૫ |

સ્થળ :આહવા-ડાંગ
તારીખ : /૧૦/૨૦૨૬

નાયબ વન સંરક્ષક
ઉત્તર ડાંગ વન વિભાગ, આહવા

ક્રમાંક: માહિતી/ડાંગ/૧૨૫-૧/૨૦૨૬














# ભરૂચની જુમ્મા મસ્જિદ ઉપર જૈનો ઉપરાંત મહારાષ્ટ્રના મહાનુભાવ સંપ્રદાયનો પણ દાવો છે



**ટુ ધ પોઇન્ટ** ■ સંજય વોરા ■

મુસ્લિમોના શાસનકાળમાં ઘણાં જૈન મંદિરોનું રૂપાંતર મસ્જિદોમાં કરવામાં આવ્યું હતું, જેમાં આજે પણ નમાઝ પઢવામાં આવી રહી છે. જે રીતે બાબરી મસ્જિદના સ્થાને શ્રીરામનું ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું તેમ જૈન મંદિરોનું રૂપાંતર કરીને મસ્જિદ તરીકે ઉપયોગમાં લેવામાં આવતી પ્રાચીન ઇમારતો જૈન સંઘને પાછી સોંપવાની માગણી જૈનોમાં પ્રબળ બની રહી છે, જેનો પ્રારંભ ભરૂચની જામા મસ્જિદથી થયો છે, જે કોઈ કાળમાં જૈનોનું મહત્ત્વનું તીર્થ શકુનિકાવિહાર હતું. આ સ્થળ પર જૈન ધર્મના વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામી પોતે પધાર્યા હતા અને તેમણે ત્યાં અશ્વને પ્રતિબોધ કર્યો હતો. ત્યાર બાદ શ્રીલંકાની રાજકુમારીએ આ સ્થળ પર સમડીવિહાર નામનું ભવ્ય જીનાલય બંધાવ્યું હતું, જે શકુનિકાવિહાર તરીકે પણ ઓળખાતું હતું. કુમારપાળ જ્યારે ગુજરાતના રાજા હતા ત્યારે તેમના મંત્રી આમ્રભટ્ટે આ શકુનિકાવિહારનો જીર્ણોદ્ધાર કરીને ત્યાં ભવ્ય જીનાલય બંધાવ્યું હતું, જે આજે જામા મસ્જિદ તરીકે ઓળખાય છે.

ગુજરાત હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે લગભગ ૫૦૦ વર્ષ જૂની માનવામાં આવતી આ મસ્જિદનું સ્થળ એક સમયે જૈન તીર્થસ્થળ હતું. મહારાષ્ટ્રમાં એક સંપ્રદાય લાંબા સમયથી આ સ્થળ પર દાવો કરે છે અને હવે જૈન સમુદાય પણ આ વિવાદમાં જોડાયો છે. ગુજરાત હાઈકોર્ટે આ મામલાની તપાસ કરવા માટે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) ને આદેશ આપ્યો છે. કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી પણ જવાબ માંગ્યો છે.

આ સમગ્ર મામલે પાંચ લોકોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આ ઈમારતને જૈન મંદિર જાહેર કરવાની માંગ કરી છે. તેમનો દાવો છે કે આ સ્થળ મૂળ અશ્વબોધ તીર્થ અને શકુનિકાવિહાર તરીકે જાણીતું હતું. તેઓ એમ પણ કહે છે કે તેમના તીર્થંકર મલ્લિનાથની પ્રતિમા અહીં હાજર છે. ભરૂચમાં આવેલી જુમા મસ્જિદ હાલમાં ASI ના નિયંત્રણ હેઠળ છે. માર્ચ મહિનામાં કેટલીક મહિલાઓએ અંદર નાળિયેર અને અન્ય વસ્તુઓ મૂકીને પૂજા કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. ત્યાર બાદ મંદિરના ભોંયરામાંથી જૈન તીર્થંકરની પ્રતિમા મળી આવવાનો દાવો કરવામાં આવ્યો હતો, જેને કારણે જૈન સંઘ વતી હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવી છે.

કેટલાક ઇતિહાસકારોના મતે ભરૂચની જુમા મસ્જિદ ૧૪મી સદીમાં બનાવવામાં આવી હતી. જૈનોનો દાવો છે કે તેમના ૧૯મા તીર્થંકર, મલ્લિનાથની પ્રતિમા મસ્જિદ સંકુલમાં આવેલી છે. અરજદારોની માંગ છે કે પ્રતિમાનું રક્ષણ કરવામાં આવે અને તેમને ત્યાં પૂજા કરવાનો અધિકાર આપવામાં આવે. અરજીકર્તાઓમાં દિલ્હીના રહેવાસી હરિશંકર જૈન, રાહુલ દિવાન અને અન્ય ત્રણનો સમાવેશ થાય છે. જૈન પક્ષનો દાવો છે કે ૧૪મી સદીમાં ગિયાસુદ્દીન તુઘલકના શાસનકાળ દરમિયાન અહીં મસ્જિદ બનાવવામાં આવી હતી. તેમનું કહેવું છે કે મસ્જિદમાં મંદિર જેવી કોતરણી, હાથી અને ઘોડાઓની આકૃતિઓ અને નૃત્ય કરતી સ્ત્રીઓની મૂર્તિઓ છે. હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણે ૧૯૦૯માં જુમા મસ્જિદને સંરક્ષિત ઈમારત જાહેર કરી હતી. તે રાષ્ટ્રીય મહત્ત્વની ઈમારતોની યાદીમાં પણ સામેલ છે. હાલમાં તે ૧૯૫૮નાં પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અધિનિયમ હેઠળ જાળવવામાં આવે છે. તેથી, તેની વર્તમાન સ્થિતિ બદલી શકાતી નથી. હાઈકોર્ટમાં અરજદારોમાંના એક હરિશંકર જૈને જણાવ્યું કે તેઓ દેશમાં ઘણી જગ્યાએ આવાં મંદિરો પાછાં મેળવવા માટે કાનૂની લડાઈ લડી રહ્યા છે. એક સમયે મંદિરો તોડીને તેમની જગ્યાએ મસ્જિદો બનાવવામાં આવી હતી. ભરૂચમાં આ ઇમારત ખરેખર એક જૈન મંદિર છે. અમે કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં મસ્જિદના ફોટોગ્રાફ્સ પણ જોડ્યા છે. આ ફોટોગ્રાફ્સમાં દેવી-દેવતાઓની મૂર્તિઓ દેખાય છે. મસ્જિદમાં એક ભોંયરું છે, જેમાં હજુ પણ ઘણી મૂર્તિઓ રાખવામાં આવી છે.

જુમા મસ્જિદ સંબંધિત આ વિવાદ ફક્ત જૈન અને મુસ્લિમ પક્ષો પૂરતો મર્યાદિત નથી. ચક્રધર સ્વામી દ્વારા સ્થાપિત મહાનુભાવ સંપ્રદાય પણ આ કેસમાં એક પક્ષકાર છે. આ સંપ્રદાય મહારાષ્ટ્રમાં વધુ સક્રિય છે. મહાનુભાવ સંપ્રદાયનો દાવો છે કે આ મસ્જિદ એક સમયે તેના સ્થાપક સ્વામી ચક્રધરનું જન્મસ્થળ હતું. છત્રપતિ સંભાજીનગરના મહાનુભાવ દેવસ્થાન ટ્રસ્ટના સેક્રેટરી સુદર્શન નાગરાજ કપાટેએ એક વાર દાવો કર્યો હતો કે અમારા ગુરુ સ્વામી ચક્રધરનો જન્મ આ સ્થળે થયો હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ સ્થળ ૧૨મી સદીથી અમારું પૂજાસ્થળ છે. તેને તોડી પાડવામાં આવ્યું હતું અને અહીં એક મસ્જિદ બનાવવામાં આવી હતી. ચક્રધર સ્વામી ભરૂચના રાજવી પરિવારના વિશાલદેવના પુત્ર હતા. તેમનું મૂળ નામ હરિપાલદેવ હતું. જ્યારે તેમનું અવસાન થયું, ત્યારે દ્વારકાના મહાન સંત ચાંગદેવ રાઉલનો આત્મા તેમના શરીરમાં પ્રવેશ્યો. આ પછી, તેમણે મહારાષ્ટ્રમાં મહાનુભાવ સંપ્રદાયની સ્થાપના કરી. આ તે જ સ્વામી ચક્રધરનું જન્મસ્થળ છે. હરિપાલદેવનો જન્મ જૈન પરંપરાને અનુસરતા પરિવારમાં થયો હતો. તેથી આ સ્થળને સમડીવિહાર જૈન મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે. જો કે, આ નિવેદનોનો કોઈ પુરાતત્ત્વીય આધાર નથી. કપાટે કહે છે કે તેઓ ચાર વર્ષથી આ આંદોલન ચલાવી રહ્યા છે.

વિવિધ પક્ષોના આ દાવાઓ વચ્ચે, જુમ્મા મસ્જિદનો નોંધાયેલ ઇતિહાસ શું કહે છે? ભરૂચની જુમ્મા મસ્જિદ તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ માટે જાણીતી છે. ભરૂચ જિલ્લા વિશે માહિતી આપતી ગુજરાત સરકારની વેબસાઇટ અનુસાર, જુમ્મા મસ્જિદ ૧૪મી સદીમાં એક પ્રાચીન જૈન મંદિરના અવશેષોમાંથી બનાવવામાં આવી હતી. ભરૂચ કિલ્લાની તળેટીમાં આવેલી આ મસ્જિદની રચના ૧૪મી સદીની શરૂઆતમાં એટલે કે ૧૩૦૦ ઈ.સ.ની આસપાસ બનાવવામાં આવી હતી. આ ઇમારતમાં ત્રણ મોટા ગુંબજ અને કુલ ૪૮ સ્તંભો છે, જે કૌંસ પેટર્નમાં બાંધવામાં આવ્યા છે. ગુજરાત સરકારની વેબસાઇટ અનુસાર જુમ્મા મસ્જિદ મંદિરની વિશાળ સામગ્રી અને કાટમાળનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હતી. જો કે, તે મસ્જિદના સિદ્ધાંતો અનુસાર બનાવવામાં આવી હતી. આ મસ્જિદ મુસ્લિમ સુપરવાઇઝરોના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવી હતી, પરંતુ બાંધકામનું કામ સ્થાનિક મજૂરો દ્વારા કરવામાં આવ્યું હતું જેમણે કદાચ પહેલાં ક્યારેય મસ્જિદ જોઈ ન હતી. ગુજરાત સરકારની વેબસાઇટ એમ પણ જણાવે છે કે જુમ્મા મસ્જિદમાં ત્રણ બાજુ પ્રવેશદ્વારો સાથે એક સંકુલ છે અને ગર્ભગૃહ પશ્ચિમ બાજુએ આવેલું છે.

ભરૂચની જુમા મસ્જિદને જૈન મંદિર કેમ માને છે તે પૂછવામાં આવતાં આ મસ્જિદની મુક્તિ માટે આંદોલન ચલાવતા મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે ત્યાં બનાવેલી કોતરણી અને અન્ય આકૃતિઓ કોઈ પણ મસ્જિદમાં જોવા મળતી નથી. ઇસ્લામનો મૂર્તિઓ સાથે કોઈ સંબંધ નથી. આ જગ્યા ASI હેઠળ આવે છે, પરંતુ પુરાતત્ત્વના નિયમો અહીં લાગુ કરવામાં આવી રહ્યા નથી. જુમા મસ્જિદના ટ્રસ્ટી ઇમરાન પટેલ આ ઇમારતના ઇતિહાસ વિશે કંઈક અલગ જ કહે છે. તેમણે જણાવ્યું કે આ મસ્જિદ પહેલાંથી જ જામિયા મસ્જિદ તરીકે જાણીતી હતી. જ્યારે ભરૂચ બંદર તરીકે જાણીતું હતું, ત્યારે બહારથી મુસ્લિમ વેપારીઓ અહીં આવતા હતા. તે સમયના શાસકે તેમને મસ્જિદ બનાવવા માટે જગ્યા આપી હતી. મસ્જિદનું બાંધકામ ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહ્યું હતું કારણ કે તે સમયે મસ્જિદ બનાવવા માટે સ્થાનિક કારીગરો ઉપલબ્ધ નહોતા. તે સમયે બજારમાં મંદિરનો કાટમાળ પણ મળી આવ્યો હતો. તેથી શાસકે જૈન મંદિરના કાટમાળનો ઉપયોગ કરવાની પરવાનગી આપી હતી. પરંતુ અહીં કોઈ મંદિર તોડી પાડવામાં આવ્યું ન હતું.

હાલના વિવાદ પર ઇમરાન પટેલે કહ્યું કે આ બધું કેટલાંક બહારનાં લોકોના ઇશારે થઈ રહ્યું છે. કેટલાંક લોકો ભરૂચની શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આ વિવાદમાં અમને હજુ સુધી પક્ષકાર બનાવવામાં આવ્યા નથી. મસ્જિદના ભોંયરામાંથી મૂર્તિઓ મળી આવવાના દાવા અંગે તેમણે કહ્યું કે આ ઇમારત ASIના નિયંત્રણ હેઠળ છે. અહીંથી એક પણ પથ્થર હટાવી શકાતો નથી. એવું શક્ય છે કે ભૂતકાળમાં કોઈક સમયે કોઈ પથ્થરનો ટુકડો કોઈ થાંભલામાં બદલવામાં આવ્યો હોય અને તેના પર તેમના ભગવાનની છબી હોય તે અલગ બાબત છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ગુજરાત હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે લગભગ ૫૦૦ વર્ષ જૂની માનવામાં આવતી આ મસ્જિદનું સ્થળ એક સમયે જૈન તીર્થસ્થળ હતું**

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત** — (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૭૫૦ |
| તેજાબી સોનું | ૧૪૭૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૦૩૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૪૮૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૦૫૮૫૦ |
| ચાંદી સિક્કા | ૨૦૭૩૫૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |


## ઉગત-નવાપરા જૂથ ગ્રામપંચાયત
તા.જી.નવસારી, પિન ૩૯૬૪૬૯

### જાહેર નિવિદા

આથી જર્જરીત જુના મકાનો તોડનાર તથા ભંગાર ની વસ્તુઓ ખરીદનારાઓ ને ઉગત-નવાપરા જૂથ ગ્રામપંચાયત તરફથી સુચન કરવામાં આવે છે કે હાલ ઉગત-નવાપરા જૂથ ગ્રામપંચાયતની જુની/જર્જરીત આંગણવાડીનું મકાન સ્વખર્ચે તોડીને તેનું કાટમાળ સહીતની નકારતી સામાગ્રી લઇ જવા માટેની જાહેર હરાજી તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ઉગત-નવાપરા જૂથ ગ્રામ પંચાયત કચેરી મુકામે રાખવામાં આવેલી છે. અનામત રકમ રૂપિયા ૨૦૦/- (બસ્સો પુરા) સ્થળ પર હરાજીના સમય પહેલા જમા કરાવવાના રહેશે, જે અનામત રકમ પરત મળવા પાત્ર રહેશે નહીં. તો રસ ધરાવનાર ઠેકેદારો એ તારીખ, સમય, સ્થળ ખાતે સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે, હરાજી ની શરતો અને બોલીઓ જે તે દિવસે સ્થળ પર વાંચી સંભળાવામાં આવશે.
નોંધ: હરાજી અંગે આખરી નિર્ણય ગ્રામ-પંચાયત ઉગત-નવાપરા જૂથનો રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત ઉગત-નવાપરા જૂથ
તા. જી. નવસારી

સરપંચશ્રી
ગ્રામ પંચાયત ઉગત-નવાપરા જૂથ
તા. જી. નવસારી

માહિતી/નવસારી/૩૯૩/૨૦૨૬



## Surat Municipal Corporation (SMC)
"Surat Mahanagar Seva Sadan"
Gordhandas Chokhawala Marg, Shri Tapipura, Surat - 395003, Gujarat

Bid is invited by SMC online on https://smctender.nprocure.com from the bidder meeting the basic eligibility criteria as stated in the respective bid document for below work:

| Tender / RFP No. | Name of Work | Bid Start Date, Bid Fee & EMD |
|---|---|---|
| DC-ISD-QRDISPLAY-02-2026 | Bid for Supply of Dynamic QR Display Device | Start Date: 26/10/2026 Bid Fee: 708/- (Rs. 600/- + 18% GST) EMD: Rs. 5,000/- |

Please visit https://smctender.nprocure.com for more details.

No/PRO/304-2026-27
Date:- 22/10/2026

Deputy Commissioner
Surat Municipal Corporation